# બનાસકાંઠામાં ૧૪ ઉમેદવારો વચ્ચે લોકસભાની ચૂંટણીનો જંગ ખેલાશે

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા લોકસભા બેઠક ઉપર સોમવારે પાંચ અપક્ષ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચતા ચૂંટણી ચિત્ર સ્પષ્ટ બન્યુ છે. હવે આ બેઠક ઉપર ૧૪ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. જેમને સોમવારે ચૂંટણી પ્રતિકો પણ ફાળવવામાં આવ્યા હતા.

બનાસકાંઠા લોકસભાની બેઠક ઉપર ફોર્મ ભરવાના દિવસથી જાણે ઉમેદવારોનો રાફડો ફાટ્યો હતો. જ્યાં પ્રથમ પાંચ દિવસમાં ૧૦૮ ઉમેદવારીપત્રોનું વેચાણ થતાં મોટી સંખ્યામાં ઉમેદવારો હશે તેવું માનવામાં આવી રહ્યું હતુ. જોકે, તેમાંથી માત્ર ૨૫ ઉમેદવારોએ જ ફોર્મ ભર્યા હતા. જેમાંથી ૬ ઉમેદવારીપત્રો રદ થતાં ૧૯ ઉમેદવારો રહ્યા હતા. દરમિયાન સોમવારે ફોર્મ પરત ખેંચવાના દિવસે વધુ ૫ અપક્ષ ઉમેદવારોએ પોતાના ફોર્મ પરત ખેંચતા હવે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થવા પામ્યું છે. હવે આ બેઠક ઉપર ૧૪ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે. જેમને સોમવારે ચૂંટણી પ્રતિકો પણ ફાળવવામાં આવ્યા હતા.

## બનાસકાંઠા લોકસભા બેઠકના ઉમેદવારો

| | |
|---|---|
| પરથીભાઇ ગલબાભાઇ ભટોળ | (કોંગ્રેસ) |
| પરબતભાઇ સવાભાઇ પટેલ | (ભાજપ) |
| તેજાભાઇ નેથીભાઇ રબારી | (બહુજન સમાજ પાર્ટી) |
| ઠાકોર મેલાજી મદારસિંહ | (ગરવી ગુજરાત પાર્ટી) |
| ચરમટા ભરતકુમાર ખેમાભાઇ | (અપક્ષ) |
| ડૉ. ચંદ્રાબેન | (અપક્ષ) |
| જગદીશજી પરથીજી ધારાણી | (અપક્ષ) |
| ઠાકોર સ્વરૂપજી સરદારજી | (અપક્ષ) |
| દેસાઇ ઈશ્વરભાઇ મહાદેવભાઇ | (અપક્ષ) |
| પઢિયાર ભરતકુમાર ઈશ્વરલાલ | (અપક્ષ) |
| પરમાર છગનચંદ્રરાજ ધનાભાઇ | (અપક્ષ) |
| પરસાણી ઈબ્રાહીમભાઇ પીરાભાઇ | (અપક્ષ) |
| પુરોહિત શ્યામાબેન નારણભાઇ | (અપક્ષ) |
| માધુ નિરૂપાબેન | (અપક્ષ) |

# પાલનપુરનો જોખમી બગીચો કોઈક દિવસ બાળકનો જીવ લેશે

પાલનપુર, તા. ૯

બનાસકાંઠાના પાલનપુર



શહેરમાં નગર પાલિકા દ્વારા ચાર જેટલા નવિન બગીચા બનાવવામાં આવ્યા છે. જેમાંથી એક બગીચો માનસરોવર તળાવને અડીને બનાવવામાં આવ્યો છે. જેથી ભવિષ્યમાં આ બગીચો કોઈ બાળકનો ભોગ લઈ શકે તેવી સ્થાનિક રહીશોને ભિતી છે તેમજ બગીચાની ફરતે કરેલ ફેન્સિગમાં ભાલા જેવા સળીયા લગાવવામાં આવ્યા છે. જે બાળકો માટે જોખમી સાબીત થઈ શકે છે.

પાલનપુર શહેરમાં નગરપાલિકા દ્વારા તાજેતરમાં ચાર જેટલા નવિન બગીચા બનાવવામાં આવ્યા છે. જેમાંથી એક બગીચો પાલનપુર



માનસરોવર તળાવને અડીને બનાવવામાં આવ્યો છે. તેમજે આ બગીચાની સામે પ્રાથમિક શાળા અને બે આંગણવાડી આવેલી છે. જેના કારણે રીશેષના સમયે બાળકો આ બગીચામાં રમવા જાય અને ખબર ન રાખે તો તળાવમાં પડી જવાની ભિતી રહે છે. તેમજ બાળકો કેટલીક વખત બગીચામાં જવાની ઉતાવળમાં બગીચાની જાળી કુદીને જતા હોય છે. બગીચાના ફરતે કરેલી ફેન્સિમમાં ભાલા જેવા સળીયા લગાવવામાં આવ્યા છે. જે ભાલા બાળકો માટે જોખમી છે. તો પાલીકા દ્વારા બગીચાની જગ્યા બદલવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.

# સાબરકાંઠા લોકસભા બેઠક પર બી.એસ.પી અને બી.ટી.પી. કોંગ્રેસ માટે ભયજનક

સાબરકાંઠા લોકસભા બેઠક પર ભાજપ-કોંગ્રેસ માટે ખરાખરીનો જંગ બન્યો છે. ભાજપ માટે હિન્દુસ્તાન નિર્માણ દળનો ઉમેદવાર મુશ્કેલી સર્જી શકે છે, બીજી બાજુ કોંગ્રેસ માટે બહુજન સમાજવાદી પાર્ટી અને ભારતીય ટ્રાયબલ પાર્ટીના ઉમેદવારો કોંગ્રેસની પરંપરાગત મત બેંકમાં ગાબડું પાડશે તો કોંગ્રેસ માટે મહા મુસીબત સાબિત થઈ શકે છે. સાબરકાંઠા લોકસભામાં બીએસપી દલિત, આદિવાસી અને મુસ્લિમ મતદાતાઓને પ્રભાવિત કરી શકે છે. તો બીટીપી આદિવાસી સમાજના મતમાં ધ્રુવીકરણ કરવામાં સફળ રહેશે. ચોક્કસથી કોંગ્રેસ માટે આ બંને પક્ષ કોંગ્રેસના આશાવાદી વિજયમાં વિલન બની શકે છે.



લોકસભા-૨૦૧૪ની ચૂંટણીમાં બીએસપીના ઉમેદવાર ચંદુભાઈ મુલચંદભાઈ ભાંભી ૧૬૬૬૫ મત મેળવવામાં સફળ રહ્યા હતા. લોકસભા-૨૦૧૯માં બહુજન સમાજવાદી પાર્ટીએ રોહિત સમાજના નિવૃત્ત ઉચ્ચ અધિકારી અને મોડાસા તાલુકાના શામપુર ગામના વિનોદભાઈ જેઠાભાઈ મેસરીયાને મેદાનમાં ઉતારતા અને બીએસપીના ઉમેદવારે ટેકેદારો સાથે દલિત, આદિવાસી અને મુસ્લિમ વિસ્તારમાં જોરશોરથી પ્રચાર-પ્રસાર કરતા અને દલિત સમાજના યુવા મતદારોને ભાજપ-કોંગ્રેસ દલિતોનો વોટબેંક તરીકેજ ઉપયોગ કરતી હોવાનો અને બીએસપી દલિતોની પાર્ટી હોવાની સમજાવવાના અથાગ પ્રયત્નો અને સક્ષમ ઉમેદવાર હોવાથી કોંગ્રેસના મતમાં ગાબડું પાડશે. કોંગ્રેસના ઉમેદવાર અને કોંગ્રેસના દલિત અગ્રણીઓ અને કાર્યકરો દલિત વોટબેંકમાં બીએસપીથી ઓછામાં ઓછું નુકસાન જાય તે રીતે ડેમેજ કંટ્રોલમાં પ્રયત્નો હાથ ધર્યા છે.

કોંગ્રેસ ગુજરાતમાં છોટુ વસાવાની ભારતીય ટ્રાયબલ પાર્ટી સાથે ગઠબંધન કરવાનો ઈન્કાર કરતા બીટીપીએ આદિવાસી મતદારોનું પ્રભુત્વ ધરાવતી લોકસભા બેઠક પર બીટીપીના ઉમેદવાર મેદાનમાં ઉતારાયા છે. રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં અરવલ્લી જીલ્લાની સરહદને અડીને આવેલી ત્રણ લોકસભા બેઠક પર ભાજપ-કોંગ્રેસના દિગ્ગજ નેતાઓને ધૂળ ચટાવી વિજેતા બની હતી. સાબરકાંઠા લોકસભા બેઠક પર આદિવાસી સમાજના ૩.૩૦ લાખ મતદારો હોવાથી બીટીપીએ ધર્મેન્દ્રસીંગ સમસુભાઈને ટિકિટ આપી મેદાનમાં ઉતારતા આદિવાસી સમાજના મત બેંકમાં ગાબડું પડવું નિશ્ચિત મનાઈ રહ્યું છે.

સાબરકાંઠા લોકસભા બેઠક ભાજપ જાળવી રાખવા મરણિયું બન્યું છે. તો કોંગ્રેસ ભાજપ પાસેથી બેઠક છીનવી લેવા સમગ્ર તાકાત દાવ પર લગાવી રહી છે ત્યારે બંને પક્ષો માટે અપક્ષ ઉમેદવારો પણ ખેલ પાડી શકે છે.

# કાંકરેજ તાલુકાના ડુંગરાસણની બનાસ ડેરી બંધ કરીને મંત્રી ફરાર થઈ જતાં રજુઆત

કાંકરેજ, તા. ૯

કાંકરેજ તાલુકાના ડુંગરાસણની દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.ના મંત્રી તરીકે કનુજી ઠાકોર ફરજ બજાવતા હતા. ત્યારે પશુપાલકો ગ્રાહકોનો બનાસ ડેરીનો પગાર તેમજ મંડળીના નામે લાખો રૂપિયાનું બનાસ દાણ બારોબાર વેચીને પગાર લઈ પલાયન થઈ ગયો છે, ત્યારે ગ્રામજનોએ રજુઆત ચેરમેન વજેસિંહ વાઘેલાને કરી હતી અને પછી બનાસ ડેરી પાલનપુર તેમજ શિહોરી પોલીસ સ્ટેશનમાં લેખિતમાં જાણ કરવામાં આવી હતી. જોકે હવે મંડળીના કમિટિ સભ્યોએ પાલનપુર ખાતે ગત તા. ૮-૪-૨૦૧૯ના રોજ આસિસ્ટન્ટ મેનેજરને મળ્યા હતા અને જણાવ્યું હતું કે મંડળીનું દફ્તર તેમજ મંત્રીને હાજર કરશો તો પછી કંઈક અંશે રસ્તો કાઢી આપીએ. ત્યારે ખરેખર તો શું ગ્રામજનો અને કમીટી સભ્યો દ્વારા મંત્રીની શોધખોળ હાથ ધરવા માટે કહેવું કેટલા અંશે સત્ય કહેવાય. આવી રીતે દૂધનો પગાર તેમજ દાણની ઉચાપત કરનાર મંત્રી ને ડેરીના કર્મચારીઓ જ સહકાર આપીને આવું કરાવતા હશે? એવા વેધક સવાલો ઉભા થયા છે ત્યારે




હવે આ બાબતે બનાસડેરી ના ડિરેક્ટરને વાત કરતાં તેઓએ જણાવ્યું હતું કે મંડળીના આશરે ૪૦ લાખ રૂપિયાની ઉચાપત થઈ છે તેના કારણે ડેરી બંધ પડી છે અને હવે તે નાણાં ભરપાઈ થાય ત્યારે ડેરી ચાલુ કરી શકાય. આમ હવે ડેરીના મંત્રી તરીકે ફરજ બજાવી દૂધ ગ્રાહકો સાથે વિશ્વાસઘાત કરી કનુજી ઠાકોર ક્યાંક અજાણી જગ્યાએ જતો રહ્યો છે અને દૂધ ઉત્પાદક સહકારી મંડળીને લાખો રૂપિયાનો ચુનો લગાડી રફુચક્કર થઈ ગયો છે. ત્યારે હવે ગ્રામના લોકો દ્વારા ફરીથી ડેરી ચાલુ કરવા માટે જીરો બેલેન્સના ખાતાથી ચાલુ કરવા માટે પ્રયત્નો હાથ ધર્યા છે. ત્યારે એક તરફ ગ્રાહકોને પગારનું નુકસાન થયું છે અને પછી બીજી બાજુ નવેસરથી ડેરી શરૂ કરવા માટે રૂપિયા જમા કરાવવા માટે મથામણ ચાલી રહી છે. ત્યારે હવે બનાસ ડેરી પાલનપુર તેમજ શિહોરી પોલીસ દ્વારા કૌભાંડમાં સંડોવાયેલા કનુજી ઠાકોર સામે કેવા પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે તે અંગે કોઈ નક્કી નથી. સાથે ગ્રાહકોનો પગાર ૧૯,૬૪,૮૦૮,૮૭ રૂપિયા લઈ ડેરીનો મંત્રી કનુજી ઠાકોર ફરાર થઈ ગયો છે અને પછી સાથે ડેરીનું દફ્તર પણ સાથે લઈ જતાં ચેરમેન તેમજ કમીટી સભ્યો દ્વારા શિહોરી પોલીસ સ્ટેશનમાં તેમજ પાલનપુર બનાસ ડેરીમાં લેખિતમાં જાણ કરી ઉચાપત બાબતની જાણ કરવામાં આવતાં હડકમ્પ મચીજવા પામ્યો છે.

# હિંમતનગરના મહેબુબ પાર્કમાં જુગાર રમતા ત્રણ જુગારીઓ પકડાયા

હિંમતનગર, તા. ૯

હિંમતનગર નજીક આવેલ મહેબુબપાર્કમાં ખુલ્લામાં જુગાર રમતા ત્રણ જુગારીઓને બાતમીને આધારે સોમવારે રાત્રે હિંમતનગર ગ્રામ્ય પોલીસે રૂ. ૭ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ત્રણેય જણા વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં જુગારધારાની કલમ અંતર્ગત મંગળવારે ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ હિંમતનગર નજીક આવેલ મહેબુબપાર્ક વિસ્તારમાં સોમવારે રાત્રે કેટલાક અજાણ્યા શખ્સો લાઈટના થાંભલા નીચે બેસી ખુલ્લામાં તીનપત્તી તથા હારજીતનો જુગાર રમતા હતા જે અંગે બાતમી મળતા ગ્રામ્ય પોલીસે નાઈટ પેટ્રોલીંગ દરમિયાન મહેબુબપાર્કમાં જઈને તપાસ કરતા તેમાં મંજુરહુસેન એહમદમીયા શેખ, યાકુબભાઈ અશમતઅલી સૈયદ (બંને રહે સવગઢ) તથા તલોદ તાલુકાના પોયડા ગામના તથા હાલ હિંમતનગરના કિફાયતનગરમાં રહેતા સિરાજમીયા ડોસુમીયા જાલોરીને ઝડપી લઈ પોલીસે તેમની પાસેથી ગંજીપાના, મોબાઈલ તથા રોકડ મળી અંદાજે રૂ. ૭ હજારનો મુદ્દામાલ કબ્જે લઈ ત્રણેય જણા વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

# પાલનપુર તાલુકાના વેડંચા ગામેથી તાજી જન્મેલ બાળકી મળી આવતા ચકચાર

બનાસકાંઠાના પાલનપુર નજીક વેડંચા ગામે આવેલ એક ખેતરમાં તાજી જન્મેલી બાળકી પડી હોવાની જાણ ગામ લોકોને થતા ગ્રામજનો એકત્ર થઈ ગયા હતા અને પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી ૧૦૮ને જાણ કરી હતી. જેથી ૧૦૮ પાયલોટ કિરણ પરમાર અને ઈએમટી પ્રકાશભાઈ બાળકીને સારવાર માટે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં લાવ્યા હતા. પ્રાથમિક તબક્કે કોઈ મહીલાએ પોતાનું પાપ છુપાવવા માટે બાળકીને ત્યજી દિધી હોવાનું જાણવા મળી રહ્યુ છે. પરંતુ સાચુ કારણ શુ છે તે અંગે પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.




## ડીસામાં માતાજીની રમેલ યોજાઈ

ચૈત્ર મહિનો દેવીઓની ઉપાસનાનો મહિનો ગણાય છે તેથી ચૈત્ર મહિનામાં ઠેરઠેર રમેલોની રમઝટ જામી છે. ડીસાના રેલવે સ્ટેશન ચાર રસ્તે બિરાજમાન રાજ રાજેશ્વરી મહાકાળી અને મેલડી માતાના મંદિરે પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર સુદ બીજના પાવન દિવસે રમેલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દિવસે મહાપ્રસાદના વિતરણ બાદ રાત્રે રમેલ યોજાઈ હતી. જેમાં ભુવાજી શિવાજી અનુપજી ઠાકોર સહિત પધારેલ ભુવાજીઓએ રેગડી અને પાવળિયાઓનાં સહારે માતાજીના ગુણલા ગાઈ માઈ ભક્તોને ખમ્મા મજાના આશીર્વાદ આપ્યા હતા. ત્યારબાદ વહેલી સવારે સૂરજની સાક્ષીએ માતાજીને તેલફૂલ ચઢાવાયા હતા.

# મોડાસા સહિત અરવલ્લીમાં ઠેર ઠેર ફ્રૂટ જ્યુસ સેન્ટર પર ગરમીથી રાહત મેળવવા પેટમાં જાય છે "ઠંડુ ઝેર"

મોડાસા, તા. ૯

ધગ ધગતા ઉનાળાના તાપમાં મોડાસા શહેર સહીત જીલ્લામાં ઠેર ઠેર જોવા મળતી કેરીનો જ્યુસ અને ઠંડા પીણાંની હાટડીઓ અને લારીઓમાં દેખાવ અને સ્વાદમાં આકર્ષવા લોકોને અવનવા કલર, સ્વાદ અને સુગંધ મેળવવા માટે બેરોકટોક ઘાતક કેમિકલનો ઉપયોગ થઈ રહ્યો છે. મોડાસાના શહેરીજનો અને જીલ્લાવાસીઓ ઠંડીથી રાહત મેળવવા રૂપિયા ખર્ચી પેટમાં ધીમું ઝહેર પધરાવી રહ્યા છે. ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ અને નગરપાલિકાતંત્રનું પેટનું પાણી પણ હાલતું નથી.

ઉનાળાની શરૂઆત થતાં જ અરવલ્લી જિલ્લામાં ઠેર ઠેર કેરી તેમજ શેરડી રસના સ્ટોર શરૂ કરી દેવાયા છે, જો કે રસમાં એસેન્સ તેમજ મિલાવટી કલર હોવાને કારણે લોકોના આરોગ્ય સાથે ચેડા પણ થઈ રહ્યા છે. મોડાસા સહિત માલુપર, મેઘરજ, બાયડ, ભિલોડા તેમજ ધનસુરામાં કેરીના રસની રેકડીઓ ફૂલી ફાલી છે. પ્રજાજનોના સ્વાસ્થ્ય સાથે ચેડાં થઈ રહ્યા હોવા




છતાં આરોગ્ય તેમજ ફૂડ વિભાગને કંઈ જ દેખાતું નથી. આ સાથે કેરીઓ પણ કેમિકલથી પકવાવામાં આવી રહી છે, જેનાથી મોટી બિમારીઓ થવાની પણ સંભાવનાઓ રહેલી હોય છે.

મોડાસા શહેર સહીત જીલ્લાના બજારોમાં ધમધમી રહેલી કેરીના જ્યૂસના હાટડા જીલ્લાના પ્રજાજનોની આંખોમાં ધૂળ નાખી કેરીના રસના નામે કેમિકલ અને એસેન્સ પધરાવી રહ્યા છે. નગરપાલિકા સેનેટરી વિભાગ, આરોગ્ય વિભાગ અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ધુતરાષ્ટ્ર નીતિથી પ્રજાજનોના આરોગ્ય સાથે ગંભીર ચેડાં થઈ રહ્યા છે.

# પાલનપુરમાં આઈપીએલ મેચનો સટ્ટો રમતાં ત્રણ શખ્સો ઝડપાયા

પાલનપુર, તા. ૯

પાલનપુર ગોબરીરોડ વિસ્તારમાં આવેલા એક કોમ્પ્લેક્ષમાં આઈપીએલ મેચ ઉપર સટ્ટો રમાતો હોવાની બાતમીના આધારે પોલીસે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાંથી સટ્ટો રમતા બે અને લીંક મોકલનારા એક મળી ત્રણ શખ્સોને ઝડપી લેવામાં આવ્યા હતા. જેમના પાસેથી એક બાઈક તેમજ રોકડ રકમ મળી કુલ રૂપિયા ૨૫૫૦૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.

પાલનપુર ગોબરીરોડ વિસ્તારમાં આવેલા સાંઈ કોમ્પલેક્ષમાં શિવકૃપા એન્ટરપ્રાઈઝ નામની દુકાનમાં આઈપીએલ મેચ ઉપર સટ્ટો રમાતો હોવાની બાતમીના આધારે પૂર્વ પોલીસે ઓચિંતો છાપો માર્યો હતો. જ્યાં રોયલ ચેલેન્જર્સ બેંગલોર અને દિલ્હી કેપીટલની આઈપીએલ મેચ ઉપર સટ્ટો રમતા પાલનપુર અયોધ્યાનગરમાં રહેતા બે સગાભાઈ ભરતભાઈ નરેન્દ્રભાઈ પંચાલ અને રાહુલકુમાર નરેન્દ્રભાઈ પંચાલને ઝડપી લેવામાં આવ્યા હતા. જેમને લીંક મોકલનારા બ્રિજેશ્વર કોલોનીના નિકુંજ ધમેન્દ્રભાઈ ગોહિલની પણ પોલીસે અટકાયત કરી તેમની પાસેથી મોબાઈલ ફોન, એક મોટર સાયકલ મળી કુલ રૂપિયા ૨૫૫૦૦નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.

# મહેસાણા જિલ્લા ચૂંટણીતંત્ર દ્વારા નિરીક્ષકો, પક્ષો તેમજ હરીફ ઉમેદવારો સાથે બેઠક યોજાઈ

મહેસાણા, તા.૯

મહેસાણા જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી ૨૩ એપ્રિલના રોજ યોજાનાર છે. ચૂંટણી મુક્ત, ન્યાયી



વાતાવરણમાં યોજાય તે માટે તંત્ર દ્વારા કવાયત હાથ ધરાઈ છે. મહેસાણા જિલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ માટે ૦૪ મહેસાણા સંસદીય મતવિસ્તાર સામાન્ય નિરીક્ષક તરીકે મૃત્યુંજયકુમાર બરનાલ અને પોલીસ નીરીક્ષક તરીકે ડૉ. માલીની અગ્રવાલની ચૂંટણીપંચ દ્વારા નિમણુંક કરાઈ છે. ઉપરાંત ૦૨ (બે)ખર્ચ નિરીક્ષકોની ભારતના ચૂંટણીપંચ દ્વારા નિમણુંક કરાઈ છે. જેમાં અસીમ શર્માને ૨૩ બેચરાજી, ૨૫ મહેસાણા, ૨૬ વિજાપુર અને ૩૭ માણસા ચૂંટણી ખર્ચ દેખરેખ માટે વિધાનસભા મતવિભાગ ફાળવેલ છે. જ્યારે કાનન નારાયણનને ૨૧ ઉંઝા, ૨૨ વિસનગર અને ૨૪ કડી સહિત ૨૧ ઉંઝા વિધાનસભા વિસ્તાર માટે પણ ખર્ચ નિરીક્ષક છે. આ ઉપરાંત બી અબ્દુલ નાસરને સામાન્ય નિરીક્ષક ઉંઝા ખાતે નિમણુંક કરાઈ છે. જેઓ બેઠકમાં ઉપસ્થિત રહી રાજકીય પક્ષો તેમજ હરીફ ઉમેદવારો સાથે ચૂંટણી સંબધિત ચર્ચા કરી હતી.

જિલ્લા ચૂંટણી અધિકારી એચ.કે. પટેલે જણાવ્યું હતું કે ચૂંટણી ન્યાયી, મુક્ત અને શાંતિપુર્ણ વાતાવરણમાં યોજાય તે દિશામાં ચૂંટણી તંત્ર કટિબધ્ધ બન્યું છે. આદર્શ આચાર સંહિતાની અમલવારી બાબતે પણ ચર્ચા કરી હતી. જેમાં ચૂંટણી પુર્વેના ૭૨ કલાક પહેલાં રાઉન્ડ ધ ક્લોક કામ કરવામાં આવનાર છે. રાજકીય પક્ષો સહિત હરીફ ઉમેદવારોને જણાવ્યું હતુ કે મતદાન પુર્વેના ૪૮ કલાક પહેલાં ચૂંટણીપંચ દ્વારા સુચવેલ નિયમોનું પાલન કરવાનું રહેશે. જેમાં જેતે મતદાર વિભાગના ના હોય તેવા સમર્થકોને સ્થળ છોડવા પણ જણાવ્યું હતું.

## હડિયોલની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ કરાતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૯

હિંમતનગર તાલુકાના હડિયોલ ગામની એક સગીરાનું પાંચ દિવસ અગાઉ વિજાપુર તાલુકાના ખરોડ ગામનો શખ્સ લગ્ન કરવાના ઈરાદે ભગાડી જઈ તેણીની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ કરતા આ શખ્સ વિરૂદ્ધ સોમવારે હિંમતનગર એડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ છે.

આ અંગે હડિયોલની સગીરાએ નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૫ એપ્રિલના રોજ બપોરના સુમારે વિજાપુર તાલુકાના ખરોડ ગામના નરેશજી દલપતજી ઝાલાએ હડિયોલ ગામે આવી એક સગીરાને લગ્ન કરવાની લાલચ આપી ફોસલાવી પટાવી તેણીનું અપહરણ કરી લઈ ગયો હતો.

# બનાસકાંઠા લોકસભાના ૨૬૨૦ મતદાન મથકો પર ૧૧૩૬૦ પોલીંગ સ્ટાફ ફરજ બજાવશે

પાલનપુર, તા. ૯

બનાસકાંઠા લોકસભા બેઠક ઉપર સોમવારે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થયું છે. ત્યારે હવે ૨૩ એપ્રિલે યોજાનારા મતદાન માટે તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. જ્યાં ૨૬૨૦ મતદાન મથકોપર ૧૧૩૬૦ પોલીંગ સ્ટાફ ફરજ બજાવશે. દરમિયાન મતદાનની કામગીરી માટે ૩૦૫ એસ.ટી. બસ ફાળવવામાં આવી છે.

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અન્વયે બનાસકાંઠા જિલ્લાયમાં તટસ્થ, ન્યાયી, નિર્ભય, નિષ્પક્ષ અને મુક્ત માહોલમાં ચૂંટણી યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સંદીપ સાગલેની સુચના અને માર્ગદર્શન અનુસાર વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં ૯ વિધાનસભા બેઠકોના કુલ-૨૬૨૦ મતદાન મથકો છે. આ દરેક મતદાન મથક ઉપર ૧ મહિલા અને ૩ પુરૂષ પ્રમાણે કુલ-૪ પોલીંગ સ્ટાફ મુકવામાં આવશે. જિલ્લાના કુલ-૨૬૨૦ મતદાન કેન્દ્રો પર ૮૪૭૮ પુરૂષો અને ૨૮૮૨ મહિલાઓ મળી કુલ- ૧૧૩૬૦ પોલીંગ સ્ટાફ મતદાનની કામગીરી માટે મુકાશે. મતદાનની કામગીરી માટે પોલીંગ સ્ટાફને મતદાન મથકે લઈ જવા-લાવવા માટે ચૂંટણીતંત્ર દ્વારા ૩૦૫ એસ.ટી. બસની ફાળવણી કરવામાં આવી છે. મતદાન મથકમાં ચૂંટણી ફરજ માટે ૧૩૫ ટકા પ્રમાણે પોલીંગ સ્ટાફને પ્રથમ તાલીમ આપી સજ્જ કરવામાં આવ્યા છે. કોમ્પ્યુટર સોફ્ટવેર મારફત સ્ટાફનું બીજુ રેન્ડમાઈઝેશન કરી ૧૧૦ ટકા પ્રમાણે પોલીંગ સ્ટાફને તાલીમ આપવામાં આવી રહી છે. થર્ડ અને ફાઈનલ રેન્ડ માઈઝેશન મતદાનના આગળના દિવસોમાં કરીને પોલીંગ સ્ટાથફને કયા બુથ પર જવાનુંછે તેની ફાળવણી કરવામાં આવશે.

## જિલ્લામાં દિવ્યાંગ કર્મચારી સંચાલિત મતદાન મથક ઉભુ કરાશે

બનાસકાંઠા જિલ્લામાં વિધાનસભાની દરેક બેઠકમાં એક દિવ્યાંગ કર્મચારીઓ સંચાલિત મતદાન મથક બનાવાશે. જેમાં તમામ દિવ્યાંગ સ્ટાફ મુકવામાં આવશે. આ મતદાન મથકોનું સંચાલન દિવ્યાંગ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે. જેમાં ૧ દિવ્યાંગ પ્રિસાઈડીંગ ઓફિસર, દિવ્યાંગ પોલીંગ ઓફિસર-૧ અને પોલીંગ ઓફિસર-૨ તથા દિવ્યાંગ મહિલા કર્મચારી આ મતદાન મથકનું સંચાલન કરશે. ચૂંટણી પંચ દ્વારા અગાઉની ચૂંટણીઓમાં આદર્શ મતદાન મથક અને મહિલા કર્મચારીઓ સંચાલિત મતદાન મથકના સફળ પ્રયોગ બાદ આ લોકસભાની સામાન્ય ચૂંટણીમાં નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો છે.